# ઈસ્લામના પવિત્ર શહેર મક્કા પર હુમલાનો પ્રયાસ નિષ્ફળ

**મક્કા** તરફ આવતું હુથી બળવાખોરોનું ડ્રોન સાઉદી અરેબિયાએ તોડી પાડ્યું

**હુથી** જૂથે મક્કા પર ડ્રોન હુમલાનો સ્પષ્ટ ઈનકાર કર્યો

**ઈસ્લામિક** દેશોએ હુમલાની ટીકા કરી પણ સાઉદીને સૈન્ય સહાયના કોઈ સંકેત નહીં

**તુર્કી** અને પાકિસ્તાને કહ્યું સાઉદી અરેબિયા તરફથી સૈન્ય સહાય માટે કોઈ સત્તાવાર વિનંતી મળી નથી

કેરો, તા. 16 (એપી): યમનની સરહદથી આશરે 1,100 કિમી દૂર સ્થિત ઈસ્લામના સૌથી પવિત્ર શહેર અને પ્રબોધક પેગંબર હઝરત મોહમ્મદ સાહેબના જન્મસ્થળ તરફ આવતા હુથી ડ્રોનને સાઉદી સેનાએ તોડી પાડવાનો દાવો કર્યો હતો.

આ ઘટના બાદ સાઉદી ગઠબંધન સેનાના પ્રવક્તા કર્નલ તુર્કી અલ-મલિકીએ મક્કા અને પવિત્ર સ્થળોની સુરક્ષાને સાઉદી અરેબિયા માટે 'રેડ લાઈન' જાહેર કરતા આકરી કાર્યવાહીની ચેતવણી આપી છે. જોકે, હુથી જૂથે મક્કા પર ડ્રોન હુમલાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે.

ઈસ્લામિક દેશોએ આ હુમલાની ટીકા કરી છે પરંતુ સાઉદી અરેબિયાને કોઈ સૈન્ય સમર્થન મળવાના સંકેત નથી. આ સાથે ઈરાન સામેના નવા યુદ્ધ મોરચે સ્થિતિ વધુ વણસી છે.

57થી વધુ મુસ્લિમ દેશોનું પ્રતિનિધિત્વ કરતા ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન (OIC) એ આ કૃત્યની સખત શબ્દોમાં ટીકા કરતા કહ્યું છે કે પવિત્ર સ્થળો પર હુમલો સાંખી શકાય નહીં અને આ માટે જવાબદાર લોકો સામે કડક પગલાં ભરવા જોઈએ. આ સાથે તુર્કી અને પાકિસ્તાન જેવા દેશોએ પણ સાઉદી અરેબિયા પ્રત્યે સમર્થન વ્યક્ત કર્યું છે.

આ હુમલાઓ સાઉદી અરેબિયા, તુર્કી અને પાકિસ્તાન વચ્ચેના નવા સંરક્ષણ કરારની પ્રથમ પરીક્ષા સમાન છે, પરંતુ તુર્કી અને પાકિસ્તાનના અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે તેમને અત્યાર સુધી સાઉદી અરેબિયા તરફથી સૈન્ય સહાય માટે કોઈ સત્તાવાર વિનંતી મળી નથી.

દરમિયાન, રાતા સમુદ્રમાં તેલ પરિવહન માર્ગો અને સાઉદી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુથી બળવાખોરોના સતત હુમલાઓને કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલની કિંમતો પ્રતિ બેરલ 100ને વટાવી ગઈ છે. ઈરાક સ્થિત જૂથોના હુમલાને કારણે સાઉદી અરેબિયાની મુખ્ય ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈન પણ બંધ થઈ ગઈ છે.

# ઈરાન યુદ્ધ અટકાવવા યુએસ હાઉસમાં ત્રીજી વખત પ્રસ્તાવ પસાર

**ટ્રમ્પના** જ 7 રિપબ્લિકન સાંસદોએ બળવો કરી વિરોધમાં આપ્યા મત

**સંસદની** મંજૂરી વિના સૈન્ય કાર્યવાહી ચાલુ રાખવા બદલ ટ્રમ્પની આકરી ટીકા કરાઈ

વોશિંગ્ટન, તા. 16 (એપી): અમેરિકી હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવે ઈરાન સામે ચાલુ સૈન્ય કાર્યવાહી અને યુદ્ધને સમાપ્ત કરવા માટે વોર પાવર્સ રિઝોલ્યુશનના સમર્થનમાં ત્રીજી વખત મતદાન કર્યું છે. 220 વિરુદ્ધ 204 મતોથી પસાર થયેલા આ પ્રસ્તાવનો મુખ્ય હેતુ કોંગ્રેસની મંજૂરી વિના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ચલાવવામાં આવતી સૈન્ય કાર્યવાહી પર રોક લગાવવાનો છે.

તમામ ડેમોક્રેટ્સની સાથે આ વખતે રિપબ્લિકન પાર્ટીના 7 સાંસદો (ટોમ બેરેટ, બ્રાયન ફિટ્ઝપેટ્રિક, વોરેન ડેવિડસન, થિકોમસ મસ્સી, ઝાચરી નન, મરિઆનેટ મિલર-મીક્સ અને નેન્સી મેસ)એ પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું હતું. જોકે, આ પ્રસ્તાવ પ્રમુખના ટેબલ સુધી પહોંચે તો પણ ટ્રમ્પ તેને વીટો (ખારીજ) કરશે તે લગભગ નક્કી છે.

28 ફેબ્રુઆરીથી શરૂ થયેલું આ યુદ્ધ લગભગ સાત મહિનાથી ખેંચાઈ રહ્યું છે. આ દરમિયાન રિપબ્લિકન સાંસદ થિકોમસ મસ્સીએ યુદ્ધ મંત્રી પિટ હેગસેથ સામે ગેરકાયદેસર રીતે યુદ્ધ આગળ ધપાવવાના આક્ષેપ સાથે મહાભિયોગનો પ્રસ્તાવ પણ રજૂ કર્યો હતો. ડેમોક્રેટ નેતા સેથ મોલ્ટને કહ્યું કે સંસદે સંવિધાનમાં આપેલા હકો મુજબ સખત પ્રશ્નો પૂછવા જોઈએ. બીજી બાજુ વિદેશી બાબતોની કમિટીના ચેરમેન બ્રાયન માસ્ટે આ દલીલની સામે ઈરાનને અમેરિકા માટે સતત ખતરો ગણાવ્યો હતો.

આગામી મિડટર્મ ચૂંટણીઓ પહેલાંનું આ મહત્વનું મતદાન છે. પર્શિયન ગલ્ફ અને બાબ અલ-મંદેબ/સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ક્ષેત્રમાં તેલ પુરવઠો ખોરવાતાં અમેરિકામાં પેટ્રોલ-ડીઝલના ભાવ 5 ડોલર પ્રતિ ગેલનને પાર પહોંચી ગયા છે, જેનાથી મોઘવારી વધી છે. કોંગ્રેસનલ બજેટ ઓફિસના અહેવાલ મુજબ, 1 ઓગસ્ટ સુધીમાં આ યુદ્ધનો ખર્ચ 38 બિલિયન ડોલરને વટાવી ગયો છે અને દર મહિને 2થી 3 બિલિયન ડોલરનો વધારાનો બોજ પડી રહ્યો છે. હાઉસ સ્પીકર માઈક જોહ્નસને આશા વ્યક્ત કરી હતી કે સાથી દેશોના સહયોગથી યુદ્ધ નવા તબક્કામાં પ્રવેશતાં જ ટૂંક સમયમાં મોંઘવારી ઘટી જશે.

# ટ્રમ્પ સરકાર 900 કિલોના 40 હજાર બોમ્બ ઈઝરાયેલને આપશે

**મોટી** જાનહાનિના ભયથી બાઇડને જે બોમ્બ પર રોક લગાવી હતી તેને ટ્રમ્પે લીલી ઝંડી આપી

ઈઝરાયેલને રૂ. 26 હજાર કરોડનાં વિનાશક શસ્ત્રો આપશે અમેરિકા

વોશિંગ્ટન, તા. 16 (પીટીઆઈ): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સરકાર ઈઝરાયેલને 2.8 અબજ ડોલર (આશરે 26 હજાર કરોડ રૂપિયા)ના અત્યાધુનિક હથિયારો વેચવાની મોટા પાયે તૈયારી કરી રહ્યું છે.

આ પ્રસ્તાવિત સંરક્ષણ સોદામાં 2000 પાઉન્ડ (આશરે 900 કિલોગ્રામ) વજન ધરાવતા 40,000 અત્યંત વિનાશક બોમ્બનો સમાવેશ થાય છે, જેમાં 20,000 Mk84 અને 20,000 BLU-117 મોડેલનો સમાવેશ થાય છે. આ એ જ વિનાશક બોમ્બ છે, જેને ગાઝા જેવા ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોમાં નાગરિકોની ભારે જાનહાનિ થવાની ભીતિથી વર્ષ 2024માં પૂર્વ પ્રમુખ જો બાઇડન સરકારે અટકાવી દીધા હતા. જોકે, ટ્રમ્પે સત્તામાં આવ્યા બાદ આ રોક હટાવી લીધી હતી અને હવે તેનો મોટો જથ્થો મોકલવાની યોજના બનાવી છે.

અમેરિકી સંસદને આ સોદા અંગે અનૌપચારિક રીતે જાણ કરી દેવામાં આવી છે. આ પેકેજનો મોટાભાગનો ખર્ચ અમેરિકી સૈન્ય સહાય ભંડોળમાંથી ચૂકવવામાં આવશે. આ 900 કિલોના બોમ્બ જમીનની અંદર ઊંડે સુધી રહેલા બંકરો અને હમાસના નેટવર્કને વીંધી નાખવા માટે જાણીતા છે. નોંધનીય છે કે ટ્રમ્પ પ્રશાસને આ પહેલાં પણ સંસદીય સમીક્ષા પ્રક્રિયાને બાયપાસ કરીને 35,500 બોમ્બ સહિત 3 અબજ ડોલરના હથિયારો અને ચાલુ વર્ષના જાન્યુઆરીમાં 6.67 અબજ ડોલરના શસ્ત્રો મંજૂર કર્યા હતા. 7 ઓક્ટોબર 2023ના રોજ હમાસના હુમલા બાદ શરૂ થયેલા સંઘર્ષમાં ગાઝામાં અત્યાર સુધીમાં 73,254થી વધુ ફિલિસ્તિનિઓએ જીવ ગુમાવ્યા છે. નાજુક યુદ્ધવિરામ છતાં હિંસક બનાવો ચાલુ છે ત્યારે આ નવો શસ્ત્ર સોદો ઈઝરાયેલ સાથેના અમેરિકાના સંબંધો વધુ મજબૂત હોવાનો સંકેત આપે છે.

# પાકિસ્તાન સ્થિત 'શહઝાદ ભટ્ટી નેટવર્ક' પર UAPA હેઠળ પ્રતિબંધ

**સરહદ** પારથી હથિયારો, દેશવિરોધી પ્રવૃત્તિઓ અને ડ્રગ્સની તસ્કરી કરવા બદલ કેન્દ્ર સરકારની કાર્યવાહી

**દેશના** ભોળા યુવાનો અને સ્થાનિક ગુનેગારોને લાલચ આપી આતંકવાદ તરફ ધકેલે છે આ સંગઠન

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ): કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બુધવારે જાહેરાત કરી હતી કે ભારત સરકારે પકિસ્તાન સ્થિત 'શહઝાદ ભટ્ટી નેટવર્ક' (SBN)ને ગેરકાયદે પ્રવૃત્તિઓ પ્રતિબંધક કાયદા (UAPA) હેઠળ ત્રાસવાદી સંગઠન જાહેર કરીને તેના પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દીધો છે.

અમિત શાહે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ત્રાસવાદ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિને અનુસરીને આ આકરી કાર્યવાહી કરવામાં આવી છે. ગૃહ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા સરકારી ગેઝેટ નોટિફિકેશન મુજબ, UAPA કાયદાની કલમ 35(1)(a)નો ઉપયોગ કરીને SBNને કાયદાની પ્રથમ અનુસૂચિમાં સામેલ કરવામાં આવ્યું છે, જે પ્રતિબંધિત ત્રાસવાદી સંગઠનોની યાદી છે. આ સાથે જ શહઝાદ ભટ્ટી નેટવર્ક ભારતીય કાયદા હેઠળ પ્રતિબંધિત બનનારું 46મું આતંકવાદી સંગઠન બન્યું છે.

નોટિફિકેશનમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ સંગઠન સરહદ પારથી શસ્ત્રો, વિસ્ફોટકો અને નશીલા પદાર્થોની તસ્કરી કરવા ઉપરાંત દેશના ભોળા યુવાનો અને સ્થાનિક ગુનેગારોને લાલચ આપીને આતંકવાદ તરફ ધકેલવાનું અને દેશવિરોધી પ્રવૃત્તિઓ માટે સંસાધનો એકત્ર કરવાનું કામ કરતું હતું. આ સિવાય આ જૂથ ડિજિટલ સંદેશ વ્યવહાર પ્લેટફોર્મ્સ દ્વારા ભડકાઉ અને વિભાજનકારી સંદેશાઓ ફેલાવીને દેશની લોકશાહી પ્રણાલી, કોમી સૌહાર્દ અને આંતરિક સુરક્ષા સામે ગંભીર પડકાર ઊભો કરી રહ્યું હતું.

## અનુસંધાન ... પાના પહેલાનું

### સોયાબીનના...

પ્લાસ્ટિકની બોટલો અને કેન ઉપરાંત ડબ્બા પેકિંગ લેમિનેશન મશીન તથા પેકિંગ પ્રેસ મશીન પણ મળી આવ્યા હતા. સ્ટીકરો અંગે પૂછપરછ કરતાં કોઈ ટ્રેડમાર્ક અંગેનું લાઈસન્સ ન હોવાનું કારખાનેદારે જણાવ્યું હોવાનું પોલીસ નોંધમાં જણાવાયું છે. અહીંથી રૂપિયા ૧૩.૩૭ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

બીજી તરફ મારુતિ ઓઈલ એન્ડ ફૂડ્સમાંથી પણ સનફ્લાવર અને સિંગતેલના નામના સ્ટીકર લગાવેલા ડબ્બા, લેબલ વગરના તેલના ડબ્બા તથા બોટલો મળી આવી હતી. તપાસ દરમિયાન અલગ-અલગ ટાંકામાં કુલ ૧૨,૩૩૯ કિલો જેટલું સોયાબીન હોવાનું સામે આવ્યું હતું. ઉપરાંત સનફ્લાવર તેલના સ્ટીકરવાળા કેન, લેબલ વગરના કેન, ખાલી ડબ્બા-બોટલો તથા મોટી સંખ્યામાં પેકિંગ સામગ્રી મળી આવી હતી.

આ કારખાનાના સંચાલક ભરતભાઈ કનુભાઈ જોધાણી (રહે.સાંઈ પૂજા રેસીડેન્સી, ઉત્રાણ ગામ)એ પોતાની પાસે GST તથા FSSAI લાઈસન્સ હોવાનું જણાવ્યું હતું. જોકે, તેલના ડબ્બા અને પ્લાસ્ટિકના કેન પર વિવિધ બ્રાન્ડના સ્ટીકરો લગાવવા અંગે કોઈ ટ્રેડમાર્ક લાઈસન્સ ન હોવાનું જણાવ્યું હોવાનું ફરિયાદમાં નોંધાયું છે. અહીંથી રૂપિયા ૨૨.૦૩ લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો.

### ગ્રાહકોના...

શરૂ કરી છે. સમગ્ર મામલે તેલમાં ભેળસેળ કે ખોટા લેબલનો ઉપયોગ કરીને ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવામાં આવ્યા છે કે કેમ તે અંગે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની તપાસ બાદ વધુ હકીકત બહાર આવે તેવી શક્યતા છે.

### ગેરકાયદે બનેલા...

ગાડી અને 100થી વધુ જવાનોને ઘટના સ્થળે દોડાવ્યા હતા.

ફાયર વિભાગને સવારે આશરે 11.30 કલાકે આગનો કોલ મળ્યો હતો. કોલ મળતાની સાથે જ અલગ-અલગ 15 ગેટ પરથી ફાયર ગાડીઓ રવાના કરવામાં આવી હતી. ચીફ ફાયર ઓફિસર સહિત મોટા ભાગના અધિકારીઓ પણ સ્થળ પર પહોંચી ગયા હતા. પાંચમા માળે દુકાન નં. 5044થી 5047માં આવેલી દીપુ એન્ટરપ્રાઇઝમાં આગ લાગી હોવાનું સામે આવ્યું હતું. પાંચમા માળેથી ધુમાડાના ગોટેગોટા નીકળતા આસપાસના વિસ્તારમાં પણ ચિંતાનો માહોલ સર્જાયો હતો. ફાયર જવાનોએ આગના સ્થળ સુધી પહોંચી પાણીનો મારો ચલાવી આગને અન્ય દુકાનો અને માળ સુધી ફેલાતી અટકાવવા ભારે જહેમત ઉઠાવી હતી. તેમ છતાં આસપાસની ચાર દુકાનો આગની ચપટેમાં આવી ગઇ હતી. આશરે ચાર કલાકની મહેનત બાદ આગ કાબૂમાં આવી હતી. ત્યારબાદ પણ ગરમી અને ધુમાડો યથાવત રહેતાં આશરે ત્રણ કલાક સુધી કૂલિંગની કામગીરી કરવામાં આવી હતી. આગ કયાં કારણોસર લાગી તેનું ચોક્કસ કારણ હાલ સામે આવ્યું નથી. જોકે, પ્રાથમિક તપાસમાં દુકાનોમાં બનાવવામાં આવેલા ગેરકાયદે માળિયા આગ વિકરાળ બનવાનું એક કારણ હોવાનું સામે આવ્યું છે. માળિયામાં મોટા પ્રમાણમાં કાપડનો જથ્થો સંગ્રહ કરાયો હોવાથી આગને ભરપૂર ઈંધણ મળ્યું હતું અને આગ ઝડપથી ફેલાઈ હતી. કાપડના જથ્થાના કારણે આગ પર કાબૂ મેળવવામાં પણ ફાયર વિભાગને લાંબો સમય લાગ્યો હતો.

### શટર અને...

શટર કાપવાની ફરજ પડી હતી. ઉપરાંત અગાસી પર બનાવવામાં આવેલા ગેરકાયદે ડોમનાં પતરાંના શેડ પણ તોડવા પડ્યા હતા. જેથી ધુમાડો બહાર નીકળી શકે અને આગ પર અસરકારક રીતે પાણીનો મારો કરી શકાય. આગની ઘટનાને પગલે માર્કેટમાં કેટલું આર્થિક નુકસાન થયું છે તેની ચોક્કસ માહિતી હાલ સામે આવી નથી. આગ સંપૂર્ણપણે કાબૂમાં આવ્યા બાદ ફાયર વિભાગ અને સંબંધિત તંત્ર દ્વારા સ્થળનું નિરીક્ષણ કરવામાં આવશે. ત્યારબાદ આગના કારણ અને નુકસાનનો વાસ્તવિક અંદાજ સામે આવશે.

### માર્કેટની ફાયર...

વિભાગે માર્કેટને નોટિસ પાઠવી ફાયર એનઓસી ન મેળવે ત્યાં સુધી માર્કેટ બંધ કરાવી દીધી છે.

### શિક્ષક પુત્રની...

મારી દીધી હતી. અકસ્માત સર્જાયા બાદ ગંભીર ગુનો આચરી કારચાલક પોતાનું વાહન ભગાવીને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ ટક્કર વાગતા જ ઉમેદભાઈ રોડ પર ફેંકાઈ ગયા હતા અને માથા તેમજ ચહેરાના ભાગે ગંભીર ઈજાઓ થતાં લોહીલુહાણ હાલતમાં બેભાન થઈ ગયા હતા. ઘટનાને પગલે ગભરાયેલો પુત્ર વિવેક તુરંત જ પિતાને સારવાર અર્થે નજીકની નિયો પોલીસ હોસ્પિટલ ખાતે ઈમરજન્સીમાં લઈ ગયો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. પિતાના આકસ્મિક અવસાનથી પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. ઘટના સંદર્ભે વિવેક ચાવડાની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા લાલ કારચાલક સામે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે વાહનચાલકની શોધખોળ હાથ ધરી છે.

### લૂંટના ઈરાદે...

ઘરમાં પ્રવેશેલી ૩૫ વર્ષીય કેરટેકર મહિલા છાયાબેન શાહની પોલીસે ધરપકડ કરી છે.

પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ ૧૩ સપ્ટેમ્બરના રોજ અજાણ્યા શખસે નાનપુરા ટી.એન્ડ ટી.વી. હાઈસ્કૂલ સામે મોનાલીસા એપાર્ટમેન્ટના છઠ્ઠા માળે ફ્લેટ નં.૧૯માં રહેતાં એમીબેનની હત્યા કરી હતી. આ અંગે મૃતકની બહેને ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. સર્વેલન્સ સ્ક્વોડે ઘટના સ્થળની આસપાસના ૩૦૦થી વધુ સીસીટીવી કમેરા તપાસ્યા હતા, જેમાં ૧૩ સપ્ટેમ્બરે બપોરે ૪.૧૯ વાગ્યે એક મહિલા તેના સગીર પુત્ર સાથે એપાર્ટમેન્ટમાં પ્રવેશતી અને ૩૦ મિનિટમાં બહાર નીકળતી દેખાઈ હતી. સીસીટીવીના આધારે પીછો કરી પોલીસે રાધે ઢોકળા વિસ્તાર અને ઈન્દ્રનીલ એપાર્ટમેન્ટ પાસેથી આરોપી છાયાબેન મુકેશભાઈ શાહ (રહે.,ચોથો માળ ઈન્દ્રનીલ એપાર્ટમેન્ટ, નાનપુરા, મૂળ રાજકોટ)ને ઝડપી પાડી હતી.

આરોપી મહિલાની કડક પૂછપરછ કરતાં તેણે કબૂલાત કરી હતી કે, એક અઠવાડિયા પહેલા ભાડે મકાન શોધવા ગઈ ત્યારે એમીબેન એકલાં રહેતાં હોવાની અને દાગીના પહેરતા હોવાની જાણ થઈ હતી. ૧૩ સપ્ટેમ્બરે મકાન જોવાના બહાને પુત્ર સાથે પહોંચેલી છાયાબેને તિજોરી ખોલવાનો પ્રયાસ કરતાં વૃદ્ધાએ પ્રતિકાર કર્યો હતો. આથી તેણે ચાર્જરના કેબલ અને બાદમાં ઈસ્ત્રી વડે માથામાં ઘા મારી વૃદ્ધાનું ગળું દબાવી હત્યા કરી હતી. હત્યા બાદ તે રૂમ બહારથી લોક કરી, મોબાઈલ અને રોકડ ભરેલી બેગ લઈને ફરાર થઈ ગઈ હતી. પોલીસે મહિલાની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**વૃદ્ધાની જીવનશૈલીથી લઈ આર્થિક સ્થિતિ સુધી પોલીસની ઝીણવટભરી તપાસ**

હત્યાનો ભેદ ઉકેલવા અઠવાલાઇન્સ પોલીસના સર્વેલન્સ સ્ક્વોડે મૃતકની જીવનશૈલી, આર્થિક સ્થિતિ અને તેમના સંપર્કમાં રહેલા લોકો અંગે તપાસ શરૂ કરી હતી. પોલીસની તપાસમાં મૃતકના શરીર પર આશરે સાત તોલા સોનાના દાગીના હોવા છતાં એકપણ દાગીનો ગાયબ થયો ન હોવાનું સામે આવ્યું હતું. બેંક ખાતાના સ્ટેટમેન્ટમાં પણ કોઈ મોટી નાણાકીય હેરફેર મળી નહોતી. આથી હત્યા પાછળ લૂંટ સિવાયના સંજોગોની પણ તપાસ કરવામાં આવી હતી.

**પતિ વર્ષો પહેલાં છોડી ગયો, બે જોડિયા પુત્રોના ભરણપોષણ માટે કેરટેકર તરીકે કામ કરતી હતી**

પોલીસ તપાસમાં વધુમાં જાણવા મળ્યું હતું કે, આરોપી મહિલાનો પતિ વર્ષો પહેલાં તેને છોડી ગયો હતો. ત્યારબાદ મહિલા પોતાના બે જોડિયા પુત્રોના ભરણપોષણની જવાબદારી સંભાળતી હતી અને પરિવારનું ગુજરાન ચલાવવા માટે કેરટેકર તરીકે કામ કરતી હતી. મહિલાના બંને જોડિયા પુત્રો પાલીતાણાની એક બોર્ડિંગ સ્કૂલમાં ધોરણ-૯માં અભ્યાસ કરે છે. જોકે, બંને પૈકી એક પુત્રની તબિયત સારી ન હોવાથી તે મે મહિનામાં બોર્ડિંગ સ્કૂલમાંથી માતા સાથે રહેવા માટે સુરત આવ્યો હતો. હત્યાના બનાવના દિવસે આ પુત્ર પણ મહિલા સાથે ગયો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

### માતા લોહિયાળ...

વિનંતી કરી હતી. જોકે, દાગીના અને રોકડની લાલચમાં અંધ બનેલી મહિલાએ પુત્રની વાત ન માનીને વૃદ્ધાને મોતને ઘાટ ઉતારી દીધી હતી.

### કેરટેકરનું કામ...

પર રહેતા હોવાથી અવારનવાર ઘરકંકાસ થતો હતો. આથી મહિલા નવા મકાનની શોધમાં નીકળી હતી. મકાનની શોધ દરમિયાન તે મોનાલીસા એપાર્ટમેન્ટમાં પહોંચી હતી. ત્યાં આમેના બેનના ફ્લેટની બાજુનું મકાન ખાલી હોવાથી તે જોવા ગઈ હતી. મકાન જોતી વખતે આમેનાબેન સાથે વાતચીત થતાં મહિલાની નજર તેમના પહેરેલા સોનાના દાગીના પર પડી હતી. પોલીસના જણાવ્યા મુજબ મહિલાનું છૂટક કેરટેકરનું કામ બંધ થઈ ગયું હોવાથી તેને પૈસાની જરૂરિયાત હતી. આથી તેણે આમેના બેનના ઘરમાં ચોરી કરવાનો નિર્ણય લીધો હતો.

### અઠવાડિયા બાદ...

પુત્રને આસપાસ જોવા માટે કહ્યું અને પોતે ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આમેના બેનના પ્રતિકાર બાદ સગીર પુત્ર ગભરાઈ ગયો હતો અને તેણે માતાને આવું ન કરવા તથા ત્યાંથી નીકળી જવા માટે બૂમો પાડી હતી. તેના કારણે મહિલા વૃદ્ધાના શરીર પર પહેરેલા આશરે સાત તોલા સોનાના દાગીના પણ લઈ શકી નહોતી.

### વંદેભારતના નામે...

પહેલી વંદેભારત ભેટ મળવાની જાહેરાત બાદ હવે તેના સંચાલન પર જ સવાલો ઊભા થયા છે. 8 કોચની સુરત-ઉદયપુર વંદે ભારતને 31 ઓગસ્ટના રોજ રેલવે બોર્ડે મંજૂરી આપી હતી, પરંતુ તે શરૂ થાય તે પહેલા જ પશ્ચિમ રેલવેએ બોર્ડને પત્ર લખીને સુરત કોચિંગ ડેપોની પોલ ખોલી દીધી છે.

પશ્ચિમ રેલવેના પત્ર મુજબ સુરત ડેપોમાં વંદે ભારતના પ્રાથમિક મેન્ટેનન્સ માટે જરૂરી 11 મોટી સુવિધાઓ અને સ્ટાફની ભારે અછત છે. રેલવેએ જણાવ્યું છે કે અહીં ચાર-સ્તરીય નિરીક્ષણ વ્યવસ્થા નથી, જેના કારણે કોચની નીચે, સાઈડ, અંદર અને છત પર તપાસ થઈ શકતી નથી. કેટવોક ન હોવાથી લિફ્ટ ટ્રોલીની જરૂર છે જે નથી. અલગ ઊંચાઈ પર કામ કરવા માટે એડજસ્ટેબલ વર્કિંગ પ્લેટફોર્મ, 650 વોલ્ટનો પાવર સપ્લાય, પૂરી રીતે કવર્ડ શેડવાળી મેન્ટેનન્સ પીટ લાઈન અને કોમ્પ્રેસ્ડ એર લાઈનની સુવિધા પણ ઉપલબ્ધ નથી. એટલું જ નહીં, ટ્રેનની છત પર કામ કરવા માટે રૂફ વર્કિંગ પ્લેટફોર્મ, બોગી ડ્રોપ ટેબલ, અંડરફ્લોર વ્હીલ લેથ મશીન અને સ્પેરપાર્ટ્સ માટે સ્ટોર/વેરહાઉસ પણ સુરતમાં નથી. સ્ટાફની વાત કરીએ તો 8 કોચની ટ્રેન માટે 23 મિકેનિકલ અને 12 ઈલેક્ટ્રિકલ કર્મચારીઓની જરૂર છે, જેની સામે હાલ માત્ર 245 મિકેનિકલ અને 84 ઈલેક્ટ્રિકલ સ્ટાફ જ છે.

### 2023માં કેન્દ્રીય...

રહી ગયા છે. વર્ષ ૨૦૨૩ના એ સપનાં આજે પણ વાસ્તવિકતાનું રૂપ ધારણ કરી શક્યા નથી. સુરતીઓ આજે પણ માત્ર વંદે ભારત ટ્રેનના ખાલી વાયદાઓ જ સાંભળી રહ્યા છે.

### સુરત APMCમાં...

મહિનામાં જ હોલસેલ માર્કેટમાં 20 કિલો A-વન ગુણવત્તાના લીંબુના ભાવમાં રૂ.1,000થી 1,500નો વધારો થયો છે. ડિમાન્ડની સરખામણીએ સપ્લાય ઓછી રહેતાં ભાવ સતત ઊંચા જઈ રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે અનિશ્ચિત વાતાવરણની અસર લીંબુના ઉત્પાદન પર પડી છે. કેટલાક લીંબુ ઉત્પાદક વિસ્તારોમાં વરસાદની અછત રહેતાં ઉત્પાદન ઘટ્યું છે. તેની અસર લીંબુની સાઈઝ પર પણ જોવા મળી રહી છે. ખાસ કરીને મહારાષ્ટ્રના જે વિસ્તારોમાંથી સુરત APMCમાં લીંબુની આવક થાય છે ત્યાં વરસાદ ઓછો પડતાં ઉત્પાદન ઘટ્યું છે અને મોટા તથા રસદાર A-વન ગુણવત્તાના લીંબુની આવકમાં ઘટાડો થયો છે.

હાલ સુરત APMCમાં મુખ્યત્વે મહારાષ્ટ્રના ચાલીસગાંવ, પાચોરા, ઉતરન અને ગુડે સહિતના વિસ્તારો તેમજ મધ્યપ્રદેશના બારવાનીમાંથી લીંબુની આવક થઈ રહી છે. જોકે, આ વિસ્તારોમાંથી આવક પણ માંગની સરખામણીએ ઓછી હોવાથી હોલસેલ બજારમાં ભાવ ઊંચા રહ્યા છે. લીંબુની આવકમાં ઘટાડો, ઉત્પાદન ક્ષેત્રમાં બદલાવ અને હવામાનની અનિશ્ચિતતાના સંયુક્ત પરિણામે સુરતના હોલસેલ માર્કેટમાં લીંબુના ભાવમાં અસાધારણ ઉછાળો આવ્યો છે. આગામી દિવસોમાં આવકમાં સુધારો થાય તો ભાવમાં રાહત મળવાની શક્યતા રહેશે, પરંતુ હાલ બજારમાં મર્યાદિત સપ્લાયને કારણે ઊંચા ભાવનું દબાણ યથાવત્ છે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### દિલ્હી ડાયરી...

આવ્યું છે.'હોર્સ ટ્રેડ એન્ડ ડેમોક્રેસી' (ઘોડાબજાર અને લોકશાહી) વિષય પર બોલતાં વરિષ્ઠ વકીલે એ જોગવાઈ સામે સવાલ ઉઠાવ્યા હતા જે કોઈ વિધાનમંડળ પક્ષના ઓછામાં ઓછા બે-તૃતિયાંશ સભ્યો વિલીનીકરણના ભાગરૂપે અલગ થાય ત્યારે ધારાસભ્યોને ગેરલાયક ઠરવાથી બચાવે છે. તેમણે દલીલ કરી હતી કે, આ કાયદાએ રાજકીય પક્ષો વચ્ચેના વાસ્તવિક વિલીનીકરણનું રક્ષણ કરવું જોઈએ, નહીં કે ધારાસભ્યોને સામૂહિક રીતે પક્ષપલટો કરવા માટે બંધારણીય કવચ પૂરું પાડવું જોઈએ.

**જલંધરમાં ભારત-પાકિસ્તાન હોકી મુકાબલો**

માનો કે ન માનો, પરંતુ પાકિસ્તાની ખેલાડીઓ સાથે રમવાનું તો દૂર, હાથ મિલાવવાની પણ મનાઈ ફરમાવતા સરકારી નિર્દેશોને બાજુ પર રાખીને ભારતીય પુરુષ હોકી ટીમ પાકિસ્તાની ટીમ સામે મેદાનમાં ઊતરશે. હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે, મેન્સ એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી દરમિયાન ભારતીય હોકી ટીમ પાકિસ્તાન સરહદથી માત્ર થોડા જ કિલોમીટર દૂર આવેલા જલંધરમાં તેના કટ્ટર પ્રતિસ્પર્ધી પાકિસ્તાન સામે ટકરાશે. જો બધું યોજના મુજબ ચાલશે તો ૧ નવેમ્બરે યોજાનારી આ હાઈ-પ્રોફાઈલ મેચ આ ટૂર્નામેન્ટનું મુખ્ય આકર્ષણ બને તેવી અપેક્ષા છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને જણાવ્યું હતું કે, "૧ નવેમ્બરે જલંધરમાં યોજાનારી ભારત-પાકિસ્તાન મેચ આ ટૂર્નામેન્ટના સૌથી મોટા આકર્ષણોમાંની એક હશે. આ મેચ 'પંજાબ દિવસ'ના દિવસે જ આવી રહી છે, જે રાજ્યના લોકો માટે આ પ્રસંગને વધુ ખાસ બનાવે છે." જોકે, હોકી ઈન્ડિયા દ્વારા આયોજિત આ મેચ કેન્દ્ર સરકારની સંમતિ અને મંજૂરી વગર શક્ય બની શકે નહીં. તેને ધ્યાનમાં રાખીને હોકી ઈન્ડિયા આ મુકાબલાને વધુ યાદગાર બનાવવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મેચ જોવા માટે આમંત્રિત કરવાનું આયોજન કરી રહ્યું હોવાનું જાણવા મળ્યું છે. દિલ્હીમાં હોકી ઈન્ડિયાના જનરલ સેક્રેટરી ભોલાનાથ સિંહે કહ્યું, "આ મેચ માટે વડા પ્રધાન આપણી વચ્ચે ઉપસ્થિત રહે તે સરસ રહેશે. હોકી ઈન્ડિયા ચોક્કસપણે તેમને આમંત્રણ મોકલશે."

**ઈડીના હિન્દી સામયિકને રાજભાષા પુરસ્કાર**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) પાસે ઉજવણી કરવાનું એક અણધાર્યું કારણ મળ્યું હોય તેમ લાગે છે. ના, આ ઉજવણી કોઈ તપાસ એજન્સી દ્વારા હાથ ધરવામાં આવેલા અસંખ્ય હાઈ-પ્રોફાઈલ કેસોમાંથી એકમાં મળેલી મોટી સફળતા માટે નથી, પરંતુ એક સામાન્ય લાગતા કારણસર છે. એજન્સીના ઇન-હાઉસ હિન્દી સામયિક 'પ્રવર્તન સંદેશ'ને કેટેગરી-એમાં રાજભાષા કીર્તિ પુરસ્કારનું બીજું ઇનામ મળ્યું છે. આ એવોર્ડ કેન્દ્રીય ગૃહ મંત્રાલય હેઠળ કામ કરતા રાજભાષા વિભાગ દ્વારા આપવામાં આવે છે. મુંબઈમાં સોમવારે યોજાયેલા દ્વિતીય અખિલ ભારતીય રાજભાષા સંમેલન દરમિયાન સંબંધિત અધિકારીઓ દ્વારા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના પ્રતિનિધિઓને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

### EPFOની...

મનસુખ માંડવિયાએ જણાવ્યું કે આ નિર્ણયથી રોજગારીનું ઔપચારિકરણ ઝડપી બનશે. નોંધનીય છે કે EPFO હાલ 7.98 કરોડ સક્રિય સભ્યો અને 82 લાખ પેન્શનરોને સેવાઓ પૂરી પાડે છે.

### UPI ચાર્જ...

ડોનાલ્ડ ટ્રમ્પને ખુશ કરવાનો આરોપ લગાવતા આ નિર્ણયને 'UPI ટેક્સ' ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, "ઈંદિરા ગાંધી કહેતા હતા કે હું ડાબે કે જમણે નથી નમતી, હું સીધી ઊભી રહું છું. જ્યારે મોદીજી ડોનાલ્ડ ટ્રમ્પ સામે સંપૂર્ણપણે સાષ્ટાંગ પ્રણામ કરી રહ્યા છે. UPI પર ટેક્સ નાખીને ભારતીય જનતાના પૈસા અમેરિકી કંપનીઓને આપવામાં આવી રહ્યા છે." કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે વિઝા અને માસ્ટરકાર્ડ જેવી અમેરિકી કંપનીઓને લાભ પહોંચાડવા માટે આ પગલું ભરવામાં આવ્યું છે. આ સિવાય તૃણમૂલ કોંગ્રેસ, CPI અને RJD જેવા વિરોધી પક્ષો તેમજ વેપારીઓ, દુકાનદારો અને વેપારી મંડળોએ પણ આ ચાર્જનો વિરોધ કર્યો છે અને રોકડ વ્યવહારો તરફ પાછા વળવાની ચેતવણી આપી છે.

બીજી તરફ, સરકારી સુત્રો અને નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે આ નિર્ણય દેશના ડિજિટલ પેમેન્ટ સિસ્ટમને આત્મનિર્ભર, સુરક્ષિત અને લાંબા ગાળે આર્થિક રીતે ટકાવી રાખવાના હેતુથી લેવામાં આવ્યો છે. સંસદની નાણાં વિષયક સ્થાયી સમિતિએ પણ તેના અહેવાલમાં ઝીરો-MDR શાસનને કારણે સરકારી તિજોરી પર પડતા બોજ અંગે ચેતવણી આપી હતી. સરકારે સ્પષ્ટ કર્યું છે કે વ્યાપક વિચારવિમર્શ બાદ આ નિર્ણાયક પગલું લેવાયું છે, તેથી તેને રોલ બેક કરવામાં આવશે નહીં.

### રોબોટ...

ટેસ્ટિંગ અને 360-ડિગ્રી વિઝ્યુઅલ ઇન્સ્પેક્શન કરવામાં આવે છે.

તૈયાર થયેલા રોબોટ્સ માટે માત્ર 65 ચોરસ મીટરમાં 112 રોબોટ્સ સંગ્રહિત કરી શકાય તેવું ઓટોમેટેડ વેરહાઉસ બનાવવામાં આવ્યું છે.

**ચીનમાં રોબોટિક્સનો ઉછાળો**

ચીનના નેશનલ બ્યુરો ઓફ સ્ટેટિસ્ટિક્સના ડેટા અનુસાર, ચીને જુલાઈ મહિનામાં જ 98,677 ઈન્ડસ્ટ્રિયલ રોબોટ્સનું ઉત્પાદન કર્યું હતું, જેમાં વાર્ષિક ધોરણે 30.2%નો વધારો નોંધાયો છે. વર્ષ 2026ના પ્રથમ 7 મહિનામાં દેશમાં કુલ 6.35 લાખથી વધુ ઈન્ડસ્ટ્રિયલ રોબોટ્સ તૈયાર કરવામાં આવ્યા છે.

### ટ્રમ્પની ના...

ધિરાણ મેળવવું વધુ મોંઘું બનશે. દેશમાં માત્ર સાત અઠવાડિયાં પછી યોજનારી મિડટર્મ ચૂંટણીઓ માટે આર્થિક પરવડે તેવી ક્ષમતાનો આ મુદ્દો રાજકીય રીતે અત્યંત મહત્વનો બની ગયો છે.

ફેડરલ રિઝર્વના ચેરમેન કેવિન વોર્શ માટે આ નિર્ણય એક આશ્ચર્યજનક વળાંક માનવામાં આવી રહ્યો છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા નિયુક્ત કરાયેલા વોર્શે આ વર્ષે મે મહિનામાં જ ફેડના ચેરમેન તરીકેનો પદભાળ સંભાળ્યો હતો. ગયા વર્ષે જ્યારે ટ્રમ્પ દ્વારા તેમના નામની વિચારણા ચાલી રહી હતી ત્યારે વોર્શે સંકેત આપ્યો હતો કે સેન્ટ્રલ બેંક કી-રેટમાં ઘટાડો કરી શકે છે, જે ટ્રમ્પની સસ્તા ધિરાણની નીતિને અનુકૂળ હતું. પરંતુ હવે ફુગાવાની કડવી વાસ્તવિકતાને જોતાં તેમણે વ્યાજદર વધારવાનો આકરો નિર્ણય લીધો છે.

### ચીન સાથે...

ક્યારેય માન્યતા આપી નથી અને તેને સતત ગેરકાયદેસર ગણાવ્યું છે. આ વિવાદ પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (PoK), અક્સાઈ ચિન અને શાક્સગામ ઘાટી જેવા ભારતીય વિસ્તારો સાથે જોડાયેલો છે.

### અરબ સાગરમાં...

સબમરીન 3 નોટિકલ માઈલ (આશરે 5.56 કિલોમીટર)થી ઓછા અંતર પર આવી શકતા નથી, જેથી આવી દુર્ઘટનાઓ નિવારી શકાય. ભારતે ઈસ્લામાબાદ સ્થિત પોતાના દૂતાવાસ દ્વારા પણ પાકિસ્તાન વિદેશ મંત્રાલય સમક્ષ વિરોધ વ્યક્ત કરાવ્યો છે.

નોંધનીય છે કે, મે 2025ના સંઘર્ષ બાદ લશ્કરી ક્ષેત્રે બંને દેશો વચ્ચે સામે આવેલી આ પ્રથમ મોટી ઘટના છે. આ અગાઉ વર્ષ 2011માં પણ સોમાલિયાઈ ચાંચિયાઓથી મુક્ત કરાવાયેલા જહાજને લઈ જતા પાકિસ્તાની જહાજ PNS બાબર અને ભારતીય INS ગોદાવરી વચ્ચે આવી જ રીતે ટક્કર થઈ હતી.

### ભારત સાથે...

માટે વિશેષ પોસ્ટ-સ્ટડી વર્ક વિઝાની જોગવાઈ પણ કરવામાં આવી છે, જે બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને નવી ઊંચાઈ પર લઈ જશે.

### 2024ના...

અભિનય, અદ્ભુત વૈવિધ્યતા અને તેજસ્વિતાએ ભારતીય સિનેમા, ખાસ કરીને કન્નડ સિનેમા પર ખૂબ જ ઊંડી છાપ છોડી છે. તેમણે જે પણ ભૂમિકા ભજવી છે, તેમાં તેઓ એક દુર્લભ ઊંડાણ અને પ્રામાણિકતા લાવ્યા છે.'

એક્સ પરની એક પોસ્ટમાં પીએમ મોદીએ આ એવોર્ડને 'ખરેખર એક પ્રતિષ્ઠિત કલાકાર માટે યોગ્ય સન્માન' ગણાવ્યું હતું.

પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો (પીઆઈબી) દ્વારા બહાર પાડવામાં આવેલી એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, ''દાદાસાહેબ ફાળકે એવોર્ડ સિલેક્શન કમિટીની ભલામણ પર ભારત સરકાર જાહેરાત કરતાં આનંદ અનુભવે છે કે, અભિનેતાને ભારતીય સિનેમામાં તેમના યોગદાન અને પેઢીઓને પ્રેરણા આપનારી તેમની સમૃદ્ધ સિનેમેટિક સફર માટે પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે એવોર્ડ 2024થી સન્માનિત કરવામાં આવશે.''

ગયા વર્ષે આ એવોર્ડ મેળવનાર મલયાલમ સિનેમાના સુપરસ્ટાર મોહનલાલ હતા.

રાજકારણમાં પણ પ્રવેશ કરનાર અને કર્ણાટકમાં મંત્રી તરીકે સેવા આપી ચૂકેલા ઉચ્ચ કક્ષાના અભિનેતા નાગનો ઉછેર દરિયાકાંઠાના કર્ણાટકના ભટકલ ખાતે એક ધાર્મિક પરિવારમાં થયો હતો. તેમને ઉચ્ચ શિક્ષણ માટે મુંબઈ મોકલવામાં આવ્યા હતા. મઠમાં ઉછેર દરમિયાન પડેલી પ્રારંભિક અસરોએ વાર્તાઓમાં તેમના રસને આકાર આપ્યો હતો.


DGVCL

Dakshin Gujarat Vij Company Limited
CIN U40102GJ2003SGC042909
Pandesara Division
Opp. Batliboi Company, Surat Navsari Road, Pandesara, Surat 395023
DGVCL Toll Free No.: 19123 or 1800 233 3003

Tender Notice

Tenders (Id No. 338290) are invited for work of supply of purchase of A4 size paper for all sub-divisions under Pandesara Division. Vendors may visit https://tender.nprocure.com for view, download and online submission of the tenders.

EE (O&M), Pandesra Division, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents

SURAT MUNICIPAL CORPORATION
NEW EAST (SARTHANA) ZONE
E TENDER (ONLINE) INVITATION NOTICE
(ONLINE) NO. DMC /NEZ /07/2026-2027
FIT INDIA

Tender for invited for various Depat.Works On line on web site https://smctender.nprocure.com from Government Approved Contractor with following schedule.

| S.N. | Name of the Dept | Road Dept. | Total Work | Total Est. CostRs. (Lac) |
|---|---|---|---|---|
| 01 | No. of Work | 02 | 02 | 5505=93 |

The detail tender Notice will be made available on website (Visit Us www.suratmunicipal.gov.in)

P.R.O. No. 232/2026-27
Date: 16/09/2026
Deputy Municipal Commissioner (D)
Surat Municipal Corporation

SURAT MUNICIPAL CORPORATION
NEW EAST (SARTHANA) ZONE
E TENDER (ONLINE) INVITATION NOTICE
(ONLINE) NO. DMC /NEZ /08/2026-2027
FIT INDIA

Tender for invited for various Depat. Works On line on web site https://smctender.nprocure.com from Government Approved Contractor with following schedule.

| S. N. | Name of the Dept | Housing Dept | Road Dept. | Garden Dept. | Total Work | Total Est.Cost Rs. (Lac) |
|---|---|---|---|---|---|---|
| 01 | No. of Work | 02 | 01 | 01 | 04 | 229=25 |

The detail tender Notice will be made available on website (Visit Us www.suratmunicipal.gov.in)

No.PRO/231/2026-27
Date 16/09/2026
Deputy Municipal Commissioner (D)
Surat Municipal Corporation